# નવા અને પ્રવર્તમાન એમએસએમઈ સાહસો માટે ઉપલબ્ધ છે 'સીજીટીએમએસઈ કોલેટરલ ફ્રી ફાઇનેન્સ' યોજના




**ટેક્સ રામાયણ**

પરેશ કપાસી


ભારત સરકાર સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના સાહસોને નવા બિઝનેસ સ્થાપવા તથા પ્રવર્તમાન બિઝનેસનું વિસ્તરણ કરવા પ્રોત્સાહન આપવા માટે નાણાં પૂરાં પાડતી અનેક યોજનાઓ ચલાવે છે.

આજે આ લેખમાં આપણે 'સીજીટીએમએસઈ કોલેટરલ ફ્રી ફાઈનેન્સ' નામની યોજના વિશે વાત કરવાના છીએ. આ યોજના હેઠળ સરકાર બે કરોડ રૂપિયા સુધીની જમાનત વગરની લોન પૂરી પાડે છે.

## સીજીટીએમએસઈ યોજના હેઠળ કોણ ધિરાણ પ્રાપ્ત કરી શકે?

૨૫૦ કરોડ રૂપિયા સુધીનું ટર્નઓવર ધરાવતા અથવા પ્લાન્ટ ઍન્ડ મશીનરીમાં ૫૦ કરોડ રૂપિયા સુધીનું રોકાણ ધરાવતાં અને ઉદ્યમ રજિસ્ટ્રેશન કરાવ્યું હોય એવાં તમામ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદનાં સાહસો (એમએસએમઈ) આ યોજના હેઠળ ધિરાણ પ્રાપ્ત કરી શકે છે. આ સાહસો મૅન્યુફૅક્ચરિંગ કે સર્વિસ ઉદ્યોગનાં હોઈ શકે છે.

## સીજીટીએમએસઈ યોજના હેઠળ ધિરાણ આપવાનો હેતુ

નવાં મશીનો કે ઉપકરણો-સાધનોની ખરીદી કરવા માટે.

નવી ફૅક્ટરી ખોલવી કે તેના માટે જમીન અથવા મકાન ખરીદવા માટે.

વર્કિંગ કૅપિટલની જરૂરિયાત પૂરી કરવા માટે.

બિઝનેસના અનુભવી પ્રમોટરને નવા ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ સ્થાપવા માટે.

પ્રવર્તમાન બિઝનેસનું વિસ્તરણ કરવા માટે અથવા ક્ષમતા, પ્રોડક્ટ કે માર્કેટનું વૈવિધ્યીકરણ કરવા માટે.

## ધિરાણનું પ્રમાણ

જો ટર્મ લોન હોય તો પ્રોજેક્ટ-ઍસેટના ખર્ચના ૭૫ ટકા

પાત્રતા મુજબ વર્કિંગ કૅપિટલની જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે.

જોકે બધું મળીને કુલ મર્યાદા બે કરોડ રૂપિયાની છે.

## બૅન્કરને સુપરત કરવા પડતા દસ્તાવેજો :

ખરીદવા માટેનાં મશીનો અર્થે પ્રાપ્ત થયેલું ક્વૉટેશન.

બિઝનેસના નાણાકીય અંદાજ.

પ્રવર્તમાન ઑર્ડરની વિગતો.

બિઝનેસની વિગતો, જેવી કે ટોચના સપ્લાયર, ટોચના ગ્રાહકો, ઈન્વેન્ટરી, વર્કિંગ કૅપિટલનો અંદાજ, કંપનીનો પરિચય, પ્રમોટરનો પરિચય, બિઝનેસ માટેની જરૂરિયાતનું સબળ કારણ.

કંપનીનું કેવાયસી એટલે કે પ્રમોટરનું પૅન કાર્ડ અને આધાર કાર્ડ. ઉપરાંત જીએસટી સર્ટિફિકેટ, પ્રાપ્ત કરાયેલાં લાઈસન્સની નકલ, ગુમાસ્તા સર્ટિફિકેટ, ઉદ્યમ સર્ટિફિકેટ વગેરે.

## ટર્મ લોન માટે પ્રોજેક્ટ રિપોર્ટ-ટેક્નો ફિઝિબિલિટી રિપોર્ટ

અગાઉની નાણાકીય વિગતો-પ્રમોટરોના આવકવેરાનાં રિટર્ન (નવાં સાહસની સ્થાપના માટે) અને કંપનીનાં આવકવેરાનાં રિટર્ન (પ્રવર્તમાન બિઝનેસ માટે).

## યોજના હેઠળ પ્રાપ્ત થતાં ધિરાણની કેટલીક ખાસિયતો :

ઍસેટ (મશીન, જમીન અને મકાન)ની ખરીદી માટે લાંબા ગાળાની ટર્મ લોન.

ઈએમઆઈની ચુકવણી માટે સામાન્ય રીતે છ મહિનાનું મોરેટોરિયમ ઑફર કરવામાં આવે છે.

એમએસએમઈ ફાઈનેન્સ પરના વ્યાજદર પર વાર્ષિક બે ટકા સુધીનું સબવેન્શન.

૭.૫ ટકાથી શરૂ થતું વ્યાજ. પ્રમોટર-કંપનીની પ્રોફાઈલ અને રેટિંગના આધારે વ્યાજદરમાં ફેરફાર થઈ શકે છે.

આ ધિરાણ સીજીટીએમએસઈ દ્વારા બાંયધરી ધરાવતું હોવાથી તેના માટે કોઈ જમાનત આપવાની જરૂર નથી.

બૅન્ક ફાઈનેન્સમાંથી ખરીદાયેલી તથા કંપનીની પ્રવર્તમાન ઍસેટ પ્રાથમિક સિક્યૉરિટી તરીકે ધિરાણ આપનાર બૅન્ક પાસે જમાનત રાખવામાં આવશે.

આ યોજના હેઠળ અમુક પ્રકારનાં મશીન ખરીદવામાં આવે તો તેના માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની કૅપિટલ સબસિડી પણ આપવામાં આવે છે.

મંજૂર કરાયેલા ધિરાણના અમુક ટકાની વાર્ષિક ગેરંટી ફી સીજીટીએમએસઈને ચૂકવવાની હોય છે.

બૅન્ક પાસેથી લેવાયેલા ધિરાણમાંથી ખરીદવામાં આવેલા સ્ટૉક અને ઍસેટનો વીમો લોન લેનારે ખરીદવાનો હોય છે.

પોતાની માલિકીની જગ્યામાં હોય કે ભાડાની જગ્યામાં હોય, કોઈ પણ એન્ટ્રપ્રેન્યોર આ ધિરાણ પ્રાપ્ત કરી શકે છે.

## સીજીટીએમએસઈ હેઠળ લોન મેળવવા કોનો સંપર્ક કરવો પડે છે?

લોન લેવા ઈચ્છુક એન્ટ્રપ્રેન્યોર તમામ મોટી સરકારી બૅન્કોનો સંપર્ક કરી શકે છે. આ બૅન્કો સીજીટીએમએસઈ હેઠળ એમએસએમઈ લોનનું પ્રોસેસિંગ કરવા માટેની કેન્દ્રીય સત્તા છે.

ઉપર જણાવ્યા મુજબના દસ્તાવેજો તથા સંપૂર્ણ પ્રોજેક્ટ રિપોર્ટ સાથેની દરખાસ્ત બૅન્કને સુપરત કરવાની હોય છે, જેથી બૅન્ક તેનું આકલન કરીને લોનનું પ્રોસેસિંગ કરી શકે.


લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.